ક્રમાંક/FRC/૨૦૨૪/૩૬૮૪-૮૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અનાવિલ ભવનની સામે, કારેલીબાગ, વડોદરા.
તા.૩૦/૧૧/૨૦૨૪

# ફી નિયમન સમિતિ – વડોદરા વિભાગ, વડોદરા.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,અનાવિલ ભવનની સામે, કારેલીબાગ,વડોદરા.
Ph.0265-2488487 E.mail add:- frcvadodara@gmail.com

U-Dise- 24150 601004 આણંદ દરખાસ્ત નં.AN-૩૯/૨૦૨૪-૨૫.

E-mail : siseducation.principal@gmail.com તા.૨૮-૧૧-૨૦૨૪.

અરજદાર શાળા :- સહજાનંદ ઇન્ટરનેશનલ સ્કૂલ (CBSE) (અંગ્રેજી માધ્યમ), આણંદ-સોજીત્રા રોડ, સોજીત્રા, જી.આણંદ-૩૮૮૪૬૦.

વિષય :- સને-૨૦૨૪-૨૫ થી સને-૨૦૨૬-૨૭ પ્રિ.પ્રાયમરી થી ઉચ્ચતર માધ્યમિક સાયન્સની ફી વધારા માટેની દરખાસ્ત.

અનુસંધાન :-

(૧) ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭.

(૨) ગુજરાત સ્વનિર્ભર શાળા (રેગ્યુલેશન ઓફ ફીઝ) નિયમો, ૨૦૧૭.

## -:: વચગાળાનો હુકમ ::-

(૧) અરજદાર શાળાએ ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને ૨૦૧૭ અને તે અંતર્ગત ગુજરાત સ્વનિભર શાળા ફી નિયમન (નિયમો) સને-૨૦૧૭ ના નિયમ-૬ અન્વયે ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ પોતાની દરખાસ્ત રજુ કરી છે. જે દરખાસ્ત તેઓએ સને ૨૦૨૪-૨૫ થી સને ૨૦૨૬-૨૭ના ૩ વર્ષની ફી નક્કી કરવા માટે જણાવવામાં આવ્યું છે. જેમાં અરજદાર શાળા ધ્વારા નીચે પ્રમાણેની સૂચિત ફીની માગણી કરવામાં આવી છે. :-

| અ. નં. | ધોરણ | માધ્યમ | બોર્ડ | અરજદાર શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા. સને ૨૦૨૪-૨૫. | અરજદાર શાળાની સૂચિત ફીની માંગણી સને ૨૦૨૪-૨૫. |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| (૧) | નર્સરી | અંગ્રેજી | CBSE | ૨૬ | રૂા.૨૫,૦૦૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | CBSE | ૨૧ | રૂા.૨૫,૦૦૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | CBSE | ૨૦ | રૂા.૨૫,૦૦૦/- |
| (૪) | બાલવાટીકા | અંગ્રેજી | CBSE | ૦ | રૂા.૨૫,૦૦૦/- |
| (૫) | ૧ | અંગ્રેજી | CBSE | ૪૮ | રૂા.૪૦,૦૦૦/- |
| (૬) | ૨ | અંગ્રેજી | CBSE | ૩૦ | રૂા.૪૦,૦૦૦/- |
| (૭) | ૩ | અંગ્રેજી | CBSE | ૨૬ | રૂા.૪૦,૦૦૦/- |
| (૮) | ૪ | અંગ્રેજી | CBSE | ૩૫ | રૂા.૪૦,૦૦૦/- |
| (૯) | ૫ | અંગ્રેજી | CBSE | ૨૫ | રૂા.૪૦,૦૦૦/- |
| (૧૦) | ૬ | અંગ્રેજી | CBSE | ૩૫ | રૂા.૪૫,૦૦૦/- |
| (૧૧) | ૭ | અંગ્રેજી | CBSE | ૪૦ | રૂા.૪૫,૦૦૦/- |
| (૧૨) | ૮ | અંગ્રેજી | CBSE | ૩૫ | રૂા.૪૫,૦૦૦/- |
| (૧૩) | ૯ | અંગ્રેજી | CBSE | ૨૦ | રૂા.૫૦,૦૦૦/- |
| (૧૪) | ૧૦ | અંગ્રેજી | CBSE | ૧૫ | રૂા.૫૦,૦૦૦/- |

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧૫) | ૧૧ સાયન્સ | અંગ્રેજી | CBSE | ૧૦ | રૂા.૬૦,૦૦૦/- |
| (૧૬) | ૧૨ સાયન્સ | અંગ્રેજી | CBSE | ૩ | રૂા.૬૦,૦૦૦/- |
| | | | કુલ વિદ્યાર્થી... | ૩૮૯ | |

(૨) અરજદાર શાળાએ સને ૨૦૨૧-૨૨ થી સને ૨૦૨૩-૨૪ના વર્ષ માટે દરખાસ્ત નં.AN-૪૯-૫૦-૫૧/૨૦૨૧-૨૨ દાખલ કરી હતી. જે તા.૦૭-૦૫-૨૦૨૨ના રોજ હુકમ કરવામાં આવેલ છે. વધુમાં શાળાએ સને ૨૦૨૪-૨૫ થી સને ૨૦૨૬-૨૭ના વર્ષ માટેની હાલની દરખાસ્ત દાખલ કરી છે.

(૩) આજ રોજ ફી નિયમન સમિતિ દ્વારા શાળા દ્વારા કરવામાં આવેલ દરખાસ્ત, રજૂ રાખેલ દસ્તાવેજો જોતા શાળાએ સને ૨૦૨૨-૨૩ અને સને ૨૦૨૩-૨૪ના ઓડીટેડ હિસાબો રજૂ કરેલ છે. શાળાએ રજૂ કરેલ હિસાબોની ચકાસણી કરતા શાળાએ કુલ આવક રૂ.૨,૧૩,૪૦,૭૨૬/- દર્શાવેલ છે. અને કુલ ખર્ચ રૂ.૧,૫૨,૩૯,૦૭૩/- દર્શાવેલ છે. અને શાળાના હિસાબોમાં રૂ.૬૧,૦૧,૬૫૩/-ની સરપ્લસ દર્શાવેલ છે. શાળા રજૂ કરેલ પત્રક ધ્યાને લેતા શાળાએ વિદ્યાર્થીઓની સંખ્યા ૪૯૨ દર્શાવેલ છે. શાળાએ ચાલુ વર્ષે વિદ્યાર્થીઓની સંખ્યા ૩૮૯ દર્શાવેલ છે. આ કામે શાળાએ રજૂ કરેલ દરખાસ્તના પેપર્સ જોતા શાળાએ પગાર ખર્ચ દર્શાવેલ છે તેમાં અન્ય સેવા સાથે સંકાયેલ કર્મચારીના પગારનો સમાવેશ કરેલ હોવાનું જણાય છે. આ કામે શાળાએ રજૂ કરેલ આવક ખર્ચના હિસાબો પૈકી માન્ય ખર્ચ, વિદ્યાર્થીઓની સંખ્યા તથા અગાઉ કરવામાં આવેલ હુકમો તેમજ દરખાસ્ત સાથે રજૂ કરવામાં આવેલ પેપર્સ ધ્યાને લેતા ફી નિયમન સમિતિ દ્વારા ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લઇ નીચે મુજબનો વચગાળાનો હુકમ કરવામાં આવે છે.

## // હુ ક મ //

| અ. નં. | ધોરણ | માધ્યમ | ફી નિયમન સમિતિ દ્વારા સને ૨૦૨૩-૨૪માં નક્કી કરેલ ફી. | વિદ્યાર્થીની સંખ્યા | સૂચિત ફીની માંગણી | ફી નિયમન સમિતિ દ્વારા નક્કી કરેલ ફી. |
|---|---|---|---|---|---|---|
| | | | | ૨૦૨૪-૨૫. | ૨૦૨૪-૨૫. | ૨૦૨૪-૨૫. |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| (૧) | નર્સરી | અંગ્રેજી | રૂા.૨૪,૨૫૫/- | ૨૬ | રૂા.૨૫,૦૦૦/- | રૂા.૨૫,૦૦૦/- |
| (૨) | જુ.કે.જી. | અંગ્રેજી | રૂા.૨૪,૨૫૫/- | ૨૧ | રૂા.૨૫,૦૦૦/- | રૂા.૨૫,૦૦૦/- |
| (૩) | સી.કે.જી. | અંગ્રેજી | રૂા.૨૪,૨૫૫/- | ૨૦ | રૂા.૨૫,૦૦૦/- | રૂા.૨૫,૦૦૦/- |
| (૪) | બાલવાટીકા | અંગ્રેજી | - | ૦ | રૂા.૨૫,૦૦૦/- | રૂા.૨૫,૦૦૦/- |
| (૫) | ૧ | અંગ્રેજી | રૂા.૩૫,૨૮૦/- | ૪૮ | રૂા.૪૦,૦૦૦/- | રૂા.૩૫,૨૮૦/- |
| (૬) | ૨ | અંગ્રેજી | રૂા.૩૫,૨૮૦/- | ૩૦ | રૂા.૪૦,૦૦૦/- | રૂા.૩૫,૨૮૦/- |
| (૭) | ૩ | અંગ્રેજી | રૂા.૩૫,૨૮૦/- | ૨૬ | રૂા.૪૦,૦૦૦/- | રૂા.૩૫,૨૮૦/- |
| (૮) | ૪ | અંગ્રેજી | રૂા.૩૫,૨૮૦/- | ૩૫ | રૂા.૪૦,૦૦૦/- | રૂા.૩૫,૨૮૦/- |
| (૯) | ૫ | અંગ્રેજી | રૂા.૩૫,૨૮૦/- | ૨૫ | રૂા.૪૦,૦૦૦/- | રૂા.૩૫,૨૮૦/- |
| (૧૦) | ૬ | અંગ્રેજી | રૂા.૩૮,૫૮૮/- | ૩૫ | રૂા.૪૫,૦૦૦/- | રૂા.૩૮,૫૮૮/- |
| (૧૧) | ૭ | અંગ્રેજી | રૂા.૩૮,૫૮૮/- | ૪૦ | રૂા.૪૫,૦૦૦/- | રૂા.૩૮,૫૮૮/- |

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન, વડોદરા સત્યમેવ જયતે

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૧૨) | ૮ | અંગ્રેજી | રૂા.૩૮,૫૮૮/- | ૩૫ | રૂા.૪૫,૦૦૦/- | રૂા.૩૮,૫૮૮/- |
| (૧૩) | ૯ | અંગ્રેજી | રૂા.૪૦,૭૯૩/- | ૨૦ | રૂા.૫૦,૦૦૦/- | રૂા.૪૦,૭૯૩/- |
| (૧૪) | ૧૦ | અંગ્રેજી | રૂા.૪૦,૭૯૩/- | ૧૫ | રૂા.૫૦,૦૦૦/- | રૂા.૪૦,૭૯૩/- |
| (૧૫) | ૧૧ સાયન્સ | અંગ્રેજી | રૂા.૪૪,૧૦૦/- | ૧૦ | રૂા.૬૦,૦૦૦/- | રૂા.૪૪,૧૦૦/- |
| (૧૬) | ૧૨ સાયન્સ | અંગ્રેજી | રૂા.૪૪,૧૦૦/- | ૩ | રૂા.૬૦,૦૦૦/- | રૂા.૪૪,૧૦૦/- |

<u>શરતો</u> :-

૧) સને ૨૦૨૪-૨૫ની નક્કી કરેલી ફી ગુજરાત સ્વ-નિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, સને-૨૦૧૭ ની કલમ-૨ (જી) અન્વયે નક્કી કરેલી ફી છે.

૨) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ના વર્ષમાં વૈકલ્પિક ફીની રકમ નક્કી કરવામાં આવેલી ફી કરતાં અલગથી વસુલ કરી શકશે અને તેમાં વિદ્યાર્થીના વાલીની તે પ્રવૃત્તિ માટે સંમતિ લેવાની રહેશે.

૩) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ની શૈક્ષણિક ફી માસિક તેમજ ત્રિમાસિક ધોરણે વસુલ કરી શકશે.

૪) કોઇ પણ વાલીએ સને ૨૦૨૪-૨૫ના વર્ષ માટે વચગાળાના હુકમ કરતાં શાળાના માન્ય કરેલ ફી મુજબની વધુ રકમ વસુલ કરેલી હશે તો અન્ય ક્વાટરમાં આ હુકમ બાદ મજરે આપવાની રહેશે.

૫) ફી નિયમન સમિતિ ધ્વારા સને ૨૦૨૪-૨૫ ના વર્ષની નક્કી કરેલી ફીના ૩ ટકા રકમનો વધારો સને ૨૦૨૫-૨૬ તેમજ સને ૨૦૨૫-૨૬ ની નક્કી કરેલી ફીના ૩ ટકાનો વધારો સને ૨૦૨૬-૨૭ ના વર્ષમાં લઇ શકશે.

૬) અરજદાર શાળા વચગાળાના હુકમ મુજબની ફી કરતાં વધુ ફી વસુલ કરી શકશે નહિ. કોઇ સંજોગોમાં વચગાળાના હુકમમાં ફેરફાર થાય અથવા ફી રીવીઝન કમિટીના હુકમમાં ફેરફાર થાય ત્યારે જે હુકમ જે તારીખે થયો હોય તેના બીજા ક્વાટરમાં હુકમ મુજબ ફીમાં ફેરફાર કરવાનો રહેશે તે સિવાય ફી નિયમન સમિતિએ કરેલા હુકમ મુજબની જ ફી શાળાએ વિદ્યાર્થી પાસેથી વસુલ કરવાની રહેશે અને આ હુકમનો અનાદર કરવામાં આવશે ત્યારે શાળા વિરૂધ્ધ ફી નિયમન અધિનિયમની જોગવાઇઓ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

ફી નિયમન સમિતિ વડોદરા ઝોન વડોદરા

૭) અરજદાર શાળાએ વચગાળાના હુકમથી નારાજ હોય તો તેઓએ દિન-૭ માં ફી નિયમન સમિતિ, વડોદરા સમક્ષ કારણો સહીતની લેખિતમાં રીવ્યુ અરજી કરવાની રહેશે. જો અરજદાર શાળા વચગાળાના હુકમ વિરૂધ્ધ નક્કી કરેલી સમય મર્યાદામાં રીવ્યુ અરજી કરવામાં નિષ્ફળ જાય ત્યારે વચગાળાનો કરેલો હુકમ આખરી અને નિર્ણાયક ગણવામાં આવશે.

૮) અરજદાર શાળાએ સને ૨૦૨૪-૨૫ની ફી નિયમન સમિતિ, વડોદરા ધ્વારા નક્કી કરવામાં આવેલી ફી શાળાના નોટીસ બોર્ડ ઉપર તેમજ શાળાની વેબસાઇટ ઉપર અંગ્રેજી તેમજ ગુજરાતીમાં પ્રસિધ્ધ કરવાની રહેશે.

આજ તા:-૨૮ માહે નવેમ્બર સને ૨૦૨૪.

સ્થળ :- વડોદરા.

ફી નિયમન સમિતિ વડોદરા વિભાગ,વડોદરાના તા.૨૮/૧૧/૨૦૨૪ ના આદેશાનુંસાર

(આર.આર.વ્યાસ)
ચીફ કો-ઓર્ડીનેટર
ફી નિયમન સમિતિ
વડોદરા વિભાગ,વડોદરા.

પ્રતિ,આચાર્ય/સંચાલકશ્રી, સહજાનંદ ઇન્ટરનેશનલ સ્કૂલ (CBSE) (અંગ્રેજી માધ્યમ), આણંદ-સોજીત્રા રોડ, સોજીત્રા, જી.આણંદ-૩૮૮૪૬૦.....

નકલ રવાના:- મુખ્ય સંયોજકશ્રી, જીલ્લા શિક્ષણાધિકારીની કચેરી,વડોદરા તરફ જાણ તથા અમલ થવા સારૂ.